# વિકાસ માટે અમારી સરકાર મક્કમ : રૂપાણી

## મુખ્યમંત્રીના હસ્તે ધાનેરા મુકામે રૂ.૨૪૧.૩૪ કરોડના પીવાના પાણીના કામોનું ખાતમુહૂર્ત કરાયું

થરાદ, તા. ૬

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે બનાસકાંઠા






જિલ્લાના ધાનેરા મુકામે નર્મદા આધારિત કુલ-૪ જૂથ સુધારણા પાણી પુરવઠા યોજનાના રૂ.૨૪૧.૩૪ કરોડના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ કામોના લીધે ધાનેરા, દાંતીવાડા અને ડીસા તાલુકાના ૧૧૯ ગામો અને ધાનેરા શહેરની ૩,૯૧,૦૦૦ વસ્તીને પીવાના શુદ્ધ પાણીનો લાભ મળશે.

આ પ્રસંગે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પ્રાસંગીક પ્રવચન કરતા જણાવ્યું કે પ્રજાની સુવિધા, સુખાકારી અને સર્વાંગી વિકાસ માટે અમારી સરકાર મક્કમ રીતે કટિબદ્ધ છે. કોરોના સંક્રમણ કાળમાં પણ ગુજરાતની વિકાસયાત્રા અટકી નથી એમ જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે પ્રજાકલ્યાણ માટે મજબૂત ઈચ્છાશક્તિ અને સુદ્રઢ આયોજનના લીધે વિકાસ કામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ અમે જ કરીએ છીએ. તેમણે કહ્યું કે સરકારશ્રીના દરેક અભિગમ અને અભિયાનમાં પ્રચંડ જનસમર્થન મળે છે પરિણામે તમામ ક્ષેત્રોમાં વણથંભી વિકાસયાત્રા સફળતાપૂર્વક આગળ વધી રહી છે. મુખ્યમંત્રીશ્રીએ બનાસકાંઠા જિલ્લા માટે મહત્વની જાહેરાત કરતાં જણાવ્યું કે, રૂ. ૫૦૦ કરોડના ખર્ચે ડીસા અને લાખણી તાલુકાના ૧૫૬ ગામોને નર્મદાનું પાણી અપાશે. તેમણે કહ્યું કે, દાંતા અને પાલનપુરના ૧૫૨ ગામો માટે ધરોઈ ડેમ આધારીત સુધારણા યોજનાના રૂ. ૭૧ કરોડના કામો કરાશે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનથી ગુજરાતને વૈશ્વિક કક્ષાએ મોડેલ સ્ટેટ બનાવવું છે. ગુજરાતના જળ ભંડારને સમૃધ્ધ બનાવવા દર વરસે સુજલામ સુફલામ યોજના દ્વારા વિરાટ પ્રયાસો કરવામાં આવે છે પરિણામે આવનારા દિવસોમાં ગુજરાત પાણીદાર બનશે. છેલ્લાં ચાર-પાંચ માસમાં ગુજરાતમાં રૂ.૧૭,૦૦૦ કરોડથી વધુ રકમના વિકાસકામોનુ લોકાર્પણ અને ખાતમુર્હત કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે બનાસકાંઠા જિલ્લાના લોકોએ ભૂતકાળમાં પાણી માટે અપાર મુશ્કેલીઓ વેઠી છે પરંતુ હવે રાજ્ય સરકારના પ્રજા કલ્યાણ માટેના વિરાટ અભિયાનની લીધે બનાસકાંઠામાં પીવાના પાણીની શ્રેષ્ઠ સુવિધાઓ ઉપલબ્ધ બનાવાઈ છે. મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે બનાસકાંઠા જિલ્લામાં છેવાડાના વિસ્તારો સુધી ઘેર ઘેર નલથી જળ અભિયાન દ્વારા પાણી આપવામાં આવશે. તેમણે કહ્યું કે, ઊર્જા ક્ષેત્રની જેમ ગુજરાત પાણીના ક્ષેત્રમાં વોટર સરપ્લસ સ્ટેટ બન્યું છે.

સાંસદ પરબતભાઈ પટેલે જણાવ્યું કે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને અત્યારે આપણા લોકપ્રિય વડાપ્રધાનનરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી બનાસકાંઠા જિલ્લામાં નર્મદાના નીરની પધરામણી થઈ હતી પરિણામે લોકોની આવક, સુખાકારી અને સમૃદ્ધિમાં વધારો થયો છે. તેમણે કહ્યુ કે આ સરકારે પીવાના પાણી સહિત જરૂરી તમામ વિકાસકામો મોટા પ્રમાણમાં કર્યા છે.

પ્રારંભમાં સ્વાગત પ્રવચન પાણી પુરવઠા વિભાગના પ્રિન્સીપલ સેક્રેટરી ધનંજય દ્વિવેદીએ કર્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યો સર્વશ્રી શશીકાંતભાઈ પંડ્યા, કિર્તીસિહ વાઘેલા અને નાથાભાઈ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખશ્રી ગુમાનસિંહ વાઘેલા, પૂર્વ મંત્રી હરજીવનભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્યશ્રી મફતલાલ પુરોહિત, કલેક્ટરશ્રી આનંદ પટેલ, જિલ્લા વિકાસ અધિકારીઅજય દહીયા, પ્રાંત અધિકારી યોગેશ ઠક્કર, પાણી પુરવઠા બોર્ડના અધિક્ષક ઈજનેરઆર.એમ.મહેરીયા, કાર્યપાલક ઈજનેર ડી. એમ. બુંબડીયા અને મામતોરા સહિત અધિકારીઓ અને સારી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

### કાર્યક્રમમાં જળવાયેલ સોશ્યલ ડિસ્ટન્સની મુખ્યમંત્રીએ સરાહના કરી

કાર્યક્રમમાં સ્ટેજ ઉપર તથા બેઠક વ્યવસ્થામાં બ્લોક બનાવી લોકો માટે થોડા થોડા અંતરે ખુરશીઓ મુકવામાં આવી હતી પરિણામે સોશ્યલ ડિસ્ટનસ ખૂબ સારી રીતે જળવાયુ હતું. ઉપરાંત માસ્ક અને સેનેટાઈઝર પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ બનાવાયા હતા. જેની નોંધ લઈ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પણ પોતાના પ્રવચનમાં આ સુંદર આયોજનની સરાહના કરી અભિનંદન પાઠવી જિલ્લા વહીવટીતંત્ર અને લોકોને બિરદાવ્યા હતા.

# મોડાસા : પહાડપુરનો વ્રજ પટેલ હવે ઓસ્ટ્રેલિયાના યુદ્ધ વિમાન ઉડાડશે

### ઓસ્ટ્રેલિયન એરફોર્સમાં પાયલોટ તરીકે નિમણુંક, માદરે વતનમાં જશ્ન જેવો માહોલ

મોડાસા, તા. ૬

ગુજરાતના અનેક પરિવારો અને યુવક-યુવતીઓ વિદેશમાં સ્થાઈ થઈ રમત-ગમત ક્ષેત્ર હોય કે પછી અભ્યાસ દરેક ક્ષેત્ર અગ્રેસર રહી વિશ્વમાં નામ રોશન કરી રહ્યા છે ત્યારે વધુ એક ગુજ્જુ યુવકે ઓસ્ટ્રેલિયા એરફોર્સમાં પાયલોટ તરીકે નિમણુંક થતા માદરે વતન જશ્ન જેવો માહોલ સર્જાયો છે ગુજરાતને ગૌરવ થાય તેવા એક સમાચાર મળી રહ્યા છે. અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના ટચુકડા પહાડપુર ગામનો વ્રજ પટેલ નામના યુવકની ઓસ્ટ્રેલિયન એસરફોર્સમાં પાયલોટ તરીકે નિમણુંક કરવામાં આવી છે ઓસ્ટ્રેલિયન એરફોર્સમાં સૌપ્રથમ વાર પસંદગી થતા સમગ્ર જિલ્લા સહીત રાજ્ય માટે ગૌરવની વાત છે.



મોડાસા તાલુકાના પહાડપુર ગામના અને સર્વોદય સ્કૂલમાં બાયોલોજી લેબ આસિસ્ટન્સ નટુભાઈ પટેલનો પુત્ર વિમલભાઈ વર્ષોથી ઓસ્ટ્રેલિયા સ્થાઈ થયા થયા છે અને હાલ ઓસ્ટ્રેલિયામાં એડિલેડમાં માર્ડન સ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ બજાવી રહ્યા છે ઓસ્ટ્રેલિયા થી વતન પહાડપુર આવતા જતા રહેતા હોવાથી તેમના પુત્ર વ્રજ પટેલને પહેલાથી પાયલોટ બનાવની રુચિ હોવાથી ઉચ્ચ અભ્યાસ કરી ઓસ્ટ્રેલિયામાં પાયલોટ તરીકે નિમણુંક પામ્યા પછી તેની મહેનત રંગ લાવી હોય તેમ ઓસ્ટ્રેલિયાની ગ્રાઉન્ડ એકેડેમી ઓફિસર્સ ટ્રેનિંગ સ્કૂલમાં પસંદગી પામ્યા પછી સખત પરિશ્રમ પછી આખરે રોયલ ઓસ્ટ્રેલિયન એરફોર્સમાં પાયલોટ ઓફિસર તરીકે નિમણુંક થતા વ્રજ પટેલ ઓસ્ટ્રેલિયામાં યુદ્ધ વિમાનો ઉડાડશેની જાણ વતનમાં થતા વ્રજ પટેલના પરિવારજનો અને સમગ્ર ગામમાં જશ્ન જેવો માહોલ પ્રવર્તી રહ્યો છે વ્રજ પટેલ અને તેના પરિવારને લોકો સોશ્યલ મીડિયા અને ટેલિફોનિક શુભેચ્છા પાઠવી રહ્યા છે.

અરવલ્લી જીલ્લાના પનોતા પુત્ર વ્રજ પટેલ ઓસ્ટ્રેલિયન એર ફોર્સમાં નિમણુક થતા તેને પોતાનું નહીં પણ સમગ્ર ગુજરાતનું ગૌરવ વધાર્યું છે વ્રજ પટેલ સાથે પારિવારિક સંબન્ધ ધરાવતા અને મોડાસા સર્વોદય સ્કૂલમાં કેમેસ્ટ્રી ટીચર ઉત્તમ પટેલના જણાવ્યા અનુસાર વ્રજ પટેલ સૌમ્ય સ્વભાવ ધરાવતો યુવાન હોવાની સાથે ખુબ જ મહેનતુ યુવક છે અને આગામી સમયમાં હજુ પણ વધુ સિદ્ધિઓ મેળવી દેશ અને પાટીદાર સમાજનું ગૌરવ વધારે તેવી શુભેચ્છા પાઠવી હતી.

# થરાદના શેરાઉના મંત્રીએ ખોટાં ખાતાં બનાવીને દુધનો પગાર અને વધારો ચુકવ્યો

### મંત્રીના નજદીકના સંબંધીઓનાં ખોટાં ખાતાં બનાવી તેમના નામે દુધનો પગાર અને દુધ વધારો અને મંડળી વધારો ઉધારીને રૂપીયા ૩૭,૮૯, ૦૦૦નો મોટો ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો




થરાદ, તા. ૬

થરાદ તાલુકાના શેરાઉ ગામની મંડળીના મંત્રીએ ડેરીમાં લાખો રૂપીયાનો બેફામ ભ્રષ્ટાચાર આચર્યાના આક્ષેપો થઈ રહ્યા છે. ત્રણ મહિનાથી દુધ ભરાવવાનું બંધ કરીને આ આક્ષેપોને પુરવાર કરતા અનેક પુરાવાઓ ગ્રામજનોએ એકઠા કર્યા બાદ ગુરુવારે મંત્રી બદલવા સહિતની માંગણીઓને લઈને તાળાબંધી કરી દીધી હતી. જે શનિવારે પણ ખોલવા પામી ન હતી. બીજી બાજુ ગ્રામજનોએ મંત્રી પાસેથી જ ડેરીનું ભાવફેર પત્રકનું રેકર્ડ મેળવી તેમાંથી સભાસદોની યાદી ચકાસતાં તેમાં ૨૬ જેટલા ગ્રાહકો ડમી નિકળ્યા હતા.જેમાં મંત્રીના સગાંસંબંધીનાં નામ હોવાથી તેઓ ચોંકી ઉઠ્યા હતા. આ અંગે પશુપાલકોએ જણાવ્યું હતું કે મંત્રી દ્વારા સરકારી નોકરી કરતા હોય અને ઘરે એક પણ પશુ ધરાવતા ન હોય તેવા મંત્રીના નજદીકના સંબંધીઓનાં ખોટાં ખાતાં બનાવી તેમના નામે દુધનો પગાર અને દુધવધારો અને મંડળી વધારો ઉધારીને રૂપીયા ૩૭,૮૯, ૦૦૦નો મોટો ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે.ગામની મંડળીના કારોબારી સભ્ય કરશનભાઈ અજેસીભાઈ પટેલ, કેશરાભાઈ રાવતાભાઈ પટેલ અને પાર્વતીબેન ગણેશભાઈ પટેલ તથા હમીરભાઈ પટેલે જણાવ્યું હતું કે મંત્રીએ તેમની પત્ની,પુત્રી અને પુત્રવધુ તથા ભાઈ ભત્રીજ અને વેવાઈઓના નામે ખોટાં ખાતાં બનાવ્યાં છે.

જે પૈકી અખાભાઈ જોગાભાઈ સરકારી કર્મચારી છે દાંતીવાડા નોકરી કરતા હતા. વિક્રમભાઈ રાયમલભાઈ પેટ્રોલ પંપમાં નોકરી કરે છે. ભરતભાઈ અખાભાઈ ગાંધીનગરમાં અભ્યાસ કરે છે. રક્ષાબેન ધનાભાઈ નર્સિંગનો અભ્યાસ કરે છે. બાકીનામાં તેમના વેવાઈ સહિત અનેક સંબંધીઓ પણ છે. જેમના નામે ડેરીમાં દુધ ભરાવી વાર્ષિક પગાર અને વધારો ઉધારવામાં આવ્યો હોવાનું શેરાઉના મંત્રીના ગોટાળાની તપાસ કરી ન્યાયની માંગણી કરી રહેલા પશુપાલકોએ જણાવ્યું હતું.

# પ્રાંતિજ ખાતે ડૉ.બાબાસાહેબ આંબેડકરના ૬૪માં નિર્વાણ દિવસે શ્રધ્ધાંજલી અર્પી

પ્રાંતિજ તા.૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ પ્રાંતિજ પ્રખંડ દ્વારા ડૉ બાબાસાહેબ આબડેકટર નિર્વાણ દિવસ ને લઈને ડૉ બાબાસાહેબના બાવડા ને ફુલહાર પહેરાવીને નિર્વાણ દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી .

પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ પાસે આવેલ ડૉ બાબાસાહેબ આબડેકટર શોપીંગ ખાતે આવેલ ડૉ. બાબાસાહેબ ના બાવડા ને છઠ્ઠી ડિસેમ્બર ના રોજ ડૉ. બાબાસાહેબ આબડેકટર નિર્વાણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં પ્રાંતિજ ખાતે કાર્યરત વિશ્વ હિન્દુ પરિષદ પ્રાંતિજ પ્રખંડના કાર્યકરો ઉપસ્થિત રહીને ડૉ.બાબાસાહેબ આંબેડકર ના બાવડા ને ફુલહાર પહેરાવીને ૬૪ માં નિર્વાણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી તો આ પ્રસંગે પૂર્વ જિલ્લા મંત્રી નટુભાઈ બારોટ, પ્રખંડ પ્રમુખ જસવંતસિંહ રાઠોડ, પ્રખંડ મંત્રી અંકીતભાઈ પટેલ , પ્રખંડ શહેર મંત્રી બ્રિજેશ કડીયા, પ્રખંડ સહમંત્રી



સંદિપભાઈ શાહ, મિલનભાઈ કડીયા, માનસિંહ રાઠોડ, તેજસ ભાઈ રાવલ, વિશ્લેષભાઈ પરીખ સહિતના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં અને બાબાસાહેબ અમર રહોના નારા સાથે ફુલહાર પહેરાવીને શ્રધ્ધાંજલી આપી હતી.

# ભિલોડામાં માસ્ક વગર વેપાર-ધંધો કરતા વેપારીઓ દંડાયા

ભિલોડા,તા.૬

દિવાળીના તહેવાર બાદ લગ્નસરાની સિઝન ખીલી ઉઠતાની સાથે જ શિયાળાની ઋતુ દરમ્યાન ઠંડીનું પ્રમાણ વધતા કોરોના વાઈરસનું સંક્રમણ દિન-પ્રતિ-દિન ગ્રામ્ય વિસ્તારોમાં વધતા પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે.કોરોના



વાઈરસની મહામારી દરમ્યાન ભિલોડા તાલુકા મથક ખાતે માસ્ક વગર ફરતા રાહદારીઓ,વાહન ચાલકોઅને વેપાર-ધંધો કરતા નાના-મોટા વેપારીઓ દંડાયા હતા.પોલીસએ લાલ આંખ કરતા વેપારીઓ,ગ્રાહકો અને ગ્રામજનોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. કોરોના વાઈરસની મહામારી દરમ્યાન કોરોનાનો કહેર દિન-પ્રતિ-દિન વધતા પોલીસ તંત્ર અને વહીવટી તંત્ર એલર્ટ થઈ ગયું છે.પોલીસ ધ્વારા માસ્ક અભિયાન હાથ ધરાયું હતું.વેપારીઓની દુકાનોમાં સરપ્રાઈઝ ચેકીંગ પોલીસ ધ્વારા હાથ ધરાયું હતું.માસ્ક બાંધ્યા વગર ધંધો કરતા નાના-મોટા વેપારીઓ દંડાયા હતા.

# મોડાસામાં શિયાળાની જમાવટ સાથે તસ્કરોએ ધામા નાખ્યા

### મોડાસાની રસુલાબાદ સોસાયટીમાં આવેલ દુકાનમાં ત્રાટકી ૧.૮૦ લાખની ચોરી

મોડાસા, તા. ૬

અરવલ્લી જીલ્લામાં તસ્કરોએ શિયાળાની જમાવટ થાય તેના પહેલા જમાવટ કરી



હોય તેમ સતત ઘરફોડ ચોરીનો ગ્રાફ ઉંચકાઈ રહ્યો છે મોડાસા શહેરની રસુલાબાદ સોસાયટીમાં ઘર નજીક દુકાનમાં તસ્કરો ત્રાટકી દુકાનમાં રાખેલી બચતની મૂડી ૧.૮૦ લાખ રૂપિયાની ચોરી કરી પલાયન થઈ જતા સમગ્ર વિસ્તારમાં ઘરફોડ ચોરોનો ભય ફેલાયો છે મોડાસા ટાઉન પોલીસને જાણ કરતા પોલીસે ઘટનાસ્થળે પહોંચી રાબેતા મુજબ પ્રાથમીક તપાસ હાથધરી અજાણ્યા ચોરઈસમો સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી મોડાસા શહેર તથા આજુબાજુના વિસ્તારોમાં નાઈટ પેટ્રોલીંગ સઘન કરવામાં આવેની લોક માંગ પ્રબળ બની છે.



મોડાસા શહેરમાં ઘરફોડ ચોરીના બનાવોમાં નોંધપાત્ર વધારો થતા શહેરીજનોમાં ફફડાટ ફેલાયો છે મોડાસાના કોલેજ રોડ પર આવેલી રસુલાબાદ સોસાયટીમાં ઘર નજીક કરિયાણાની દુકાન ચલાવી જીવનનિર્વાહ ચલાવતા ઈકબાલભાઈ ઉપાદ શનિવારે રાત્રે રાબેતા મુજબ દુકાન બંધ કરી હતી અને રાત્રે તસ્કરો ત્રાટક્યા હતા રવિવારે સવારે દુકાનના શટરનું તાળું તૂટેલું જોતા જ દુકાનદારને મન માં ફાળ પડી હતી દુકાનમાં માલસામાન અસ્તવ્યસ્ત પડ્યો હોવાની સાથે તસ્કરોએ દુકાનમાં રહેલા કબાટની અંદર પ્લાસ્ટિકની થેલીમાં રાખેલ જિંદગીભરની બચતની મૂડી ૧.૮૦ લાખ ની ચોરી કરી પલાયન થઈ જતા દુકાનદાર પરિવાર પર આભ તૂટી પડ્યું હતું રહેણાંક વિસ્તારમાં ચોરીની ઘટનાના પગલે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા મોડાસા ટાઉન પોલીસને જાણ કરતા ટાઉન પોલીસ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી પ્રાથમીક તપાસ હાથધરી હતી



દુકાન માલિક ઈકબાલ ઉપાદની ફરિયાદના આધારે અજાણ્યા ઈસમો સામે ૧.૮૦ લાખની ચોરીનો ગુન્હો નોંધી તસ્કરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# ભિલોડા વિધાનસભા શક્તિ કેન્દ્ર પ્રમુખો અને પ્રભારીઓ દ્વારા પેઝ સમિતી બનાવવા સંદર્ભે માર્ગદર્શન બેઠક

ભિલોડા,તા.૬

ભિલોડા વિધાનસભા શકિત કેન્દ્ર પ્રમુખો અનો પ્રભારીઓ ધ્વારા પેઝ સમિતી બનાવવા સંદર્ભે માર્ગદર્શન બેઠક યોજાઈ હતી.અરવલ્લી જીલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષાતામાં જીલ્લા મહામંત્રી, ભિલોડા વિધાનસભા ઝોન પ્રભારી હસમુખભાઈ પટેલ,ભિલોડા મંડળ પ્રભારી,જીલ્લા કોષાધ્યક્ષ નિશાંતભાઈ પટેલ,સહપ્રભારી રૂમાલસિંહ પરમારની ઉપસ્થિતીમાં શક્તિ કેન્દ્ર પ્રમુખ,પ્રભારીની બેઠક યોજાઈ હતી.અરવલ્લી જીલ્લા ભાજપ ઉપપ્રમુખ લાલસિંહ ચૌહાણ,રાજેશભાઈ નિનામા,મંત્રી શ્રધ્ધાબોન જોષી,અરવલ્લી જીલ્લા ભાજપ આદિજાતિ મોરચા પ્રમુખ અમૃતભાઈ બરંડા,અરવલ્લી જીલ્લા ભાજપ સંગઠન પુર્વ ઉપપ્રમુખ નીલાબોન મડીયા,ભિલોડા તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ કાંતીભાઈ પટેલ,મહામંત્રી એન.કે.કલાસવા,ગુણવંતભાઈ ત્રિવેદી,બી.ટી.નાયી સહિત રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.પેઝ સમિતિમાં ફોટા સાથેની યાદી બનાવવા સંદર્ભે વાત કરાઈ હતી.શક્તિ કેન્દ્ર પ્રભારી અને પ્રમુખની કામગીરી બુથ સુધીના મતદારો સુધી પહોંચવા સંદર્ભે વિશેષ ભાર મુંકાયો હતો.રાજકીય આગેવાનોએ પેઝ સમિતિનું મહત્વ સમજાવ્યું હતું.

# સાબરકાંઠામાં ૧૧ ડીસેમ્બરે ચિત્રસ્પર્ધા યોજાશે

હિંમતનગર, તા.૬

રમતગમત યુવા અને સાસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર તથા લલિતકલા અકાદમી અને રમતગમત કચેરી સાબરકાંઠા ધ્વારા તા.૧૧ ડીસેમ્બરના રોજ પ્લે એટ હોમ વિષય પર જિલ્લાકક્ષાની ચિત્ર સ્પધર્નિું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ૮ થી ૧૩ વર્ષના બાળકો ભાગ લઈ શકશે. તથા તા.૧૯ ડીસેમ્બરના રોજ રાજ્યકક્ષાની ચિત્ર સ્પર્ધા લલિત અકાદમી કલાભવન, એલીસબીઝ અમદાવાદ ખાતે યોજાશે.

કોરોનાને લઈને નિયમોનું પાલન થાય તે માટે તમામ સ્પર્ધકો પોતાની કૃતિઓ તૈયાર કરી તા.૧૧ ડીસેમ્બર સુધીમાં યુવાવિકાસ અધિકારીની કચેરીમાં પહોચાડવાના રહેશે.

# વીજ ચોરી ઝડપવા ગયેલ ટીમ પર હુમલો કરી પથ્થરમારો કરતા વીજ કર્મીઓ જીવ બચાવી નાઠા

### મેઘરજના નવા પાણીબાર ગામે થયો હુમલો

મોડાસા, તા. ૬

અરવલ્લી જીલ્લામાં અંતરિયાળ વિસ્તારોમાં મોટા પ્રમાણમાં વીજચોરી થતી હોવાની અનેક બૂમો ઉઠી રહી છે વીજ ચોરીને અટકાવવા વીજ અધિકારીઓ અને કર્મચારીઓ દોડાદોડી કરતા હોય છે ત્યારે મેઘરજના નવા પાણીબાર ગામે નાયબ ઈજનેર અને સ્ટાફે વિજ ચેકીંગ હાથ ધરતા એક મકાનમાં વીજ થાંભલા પરથી સીધું કનેક્શન લઈ વીજ ચોરી થતી હોવાની ઝડપી પાડતા મકાન માલિકે કિકિયારીઓ કરતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા અને પથ્થરો વડે હુમલો કરતા વીજકર્મીઓ જીવ બચાવી ભાગ્યા હતા ટોળાએ પીછો કરી વાહનો પર પથ્થર ઝીંકતા સરકારી ગાડીઓના કાચ તૂટી ગયા હતા વીજટીમ પર હુમલાની ઘટના બનતા ભારે ચકચાર મચી હતી






યુજીવીસીએલના નાયબ ઈજનેરે ઈસરી પોલીસ સ્ટેશનમાં વીજ ટીમ પર હુમલો કરનાર સામે ફરિયાદ નોંધવા અરજી આપી હતી.

મેઘરજ યુજીવીસીએલ કચેરીના નાયબ ઈજનેર હરીશ કલાસવા તેમની ટીમ સાથે વીજચોરી ઝડપી પાડવા ગ્રામ્ય વિસ્તારોમાં તપાસ હાથધરી હતી શનિવારે સાંજે નવા પાણીબાર ગામમાં રહેતા પ્રકાશ મકનાભાઈ ગામેતીના ઘરે ગેરકાયદેસર રીતે વીજથાંભલા પરથી વાયર જોડી ચોરી કરવામાં આવતી હોવાનું ઝડપી પાડતા પ્રકાશ ગામેતીએ કિકિયારીઓ કરી મુકતા ગામ લોકો દોડી આવ્યા હતા અને વીજટીમ સાથે માથાકૂટ કરતા હુમલો થાય તે પહેલા સમય સુચકતા વાપરી વીજ કર્મીઓ સરકારી જીપમાં બેસી ગયા હતા અને સરકારી જીપ હંકારતા પ્રકાશ ગામેતી તથા જયદીપ ડામોર સરકારી જીપ આગળ પથ્થરો લઈ ધસી આવ્યા હતા અને જયદીપ ડામોરે વીજટીમને તેના પપ્પા ખેડબ્રહ્મા જીઈબી માં નોકરી કરતા હોવાનું જણાવી માથાકૂટ કરતા માંડ માંડ સરકારી જીપ સાથે નીકળવાનો પ્રયત્ન કરતા બંને શખ્સોએ જીપ પર પથ્થરમારો કરતા સરકારી જીપના કાચ તૂટી ગયા હતા વીજ કર્મીઓ જીવ બચાવવામાં સફળ રહ્યા હતા વીજટીમ પર હુમલો થતા નાયબ ઈજનેર હરીશ કલાસવાએ વીજ ટીમ પર હુમલો કરનાર શખ્શો સામે કાયદેસરની કાર્યવાહી કરવા ઈસરી પોલીસ સ્ટેશનમાં અરજી આપતા ઈસરી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.